# શિક્ષકદિને શિક્ષક, સમાજ અને સરકાર આટલી પ્રતિજ્ઞા કરશે ?

તા. ૫ સપ્ટેમ્બર એટલે ભારતભરમાં શિક્ષકદિન. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.રાધાકૃષ્ણનનો જન્મ દિવસ. તેમનો જન્મ આજથી ૧૧૮ વર્ષપૂર્વે ૧૮૮૮ માં પાંચમી સપ્ટેમ્બરના રોજ મદ્રાસના તિરુતનિ નામના નાનકડા ગામમાં મધ્યમવર્ગીય બ્રાહમણ કુટુંબમાં થયો હતો. સંસ્કૃતના પ્રખર પંડિત પિતા અને ધર્મનિષ્ઠ માતાના આ પનોતા પુત્રમાં સંસ્કૃતના બીજ નાનપણથી જ રોપાયેલા. રાધાકૃષ્ણન મનોવિજ્ઞાનના ઊંડા અભ્યાસુ પણ હતા. તેમણે કારકિર્દીની શરૂઆત કોલેજમાં વ્યાખ્યાતા તરીકે કરી હતી. તેઓશ્રીએ આંધ્ર અને બનારસ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે સેવા આપેલી. ઈ.સ.૧૯૨૬ માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ એપ્ટન વ્યાખ્યાનમાળા માટે અને ઈ.સ. ૧૯૨૭માં શિકાગો યુનિવર્સિટીએ દસ્કેલ વ્યાખ્યાનમાળા માટે તેમને આમંત્રેલા. આવું બહુમાન મેળવનાર સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય હતા. આ મહાન અને નિષ્ઠાવાન શિક્ષકની સ્મૃતિમાં તેમના જન્મદિનને આપણે સૌ ભારતમાં શિક્ષકદિન તરીકે ઉજવીને તેમને શ્રદ્ધાંજલિ આપવાનો સાથે શિક્ષકમાં ઊંડો વિશ્વાસ મૂકી તેને સન્માનવાનો પણ સાચા દિલથી પ્રયત્ન કરીએ છીએ.

આપણે સૌ પ્રયત્ન કરીએ છીએ, પણ તેમાંથી કશુંક પ્રાપ્ત કરીએ છીએ? આજના દિને દુ:ખ સાથે કબૂલ કરવું જ રહ્યું કે શિક્ષણપ્રક્રિયામાં શિક્ષક, સમાજ અને સરકાર ક્યાંક રાહ ભૂલ્યા હોય તેવું લાગે છે. શિક્ષક, સમાજ અને સરકાર નિષ્ઠા કરતાં નિયમ તરફ વળ્યાં હોય તેવું લાગે છે. ખરેખર તો શિક્ષણ એ દિમાગ કરતાં દિલની પ્રવૃત્તિ વધારે છે. જેથી શિક્ષણ માટે નિયમ કરતાં નિષ્ઠાનું મહત્ત્વ વધુ રહેવું જોઇએ. નિયમથી નિયમન આવે પણ નિષ્ઠા ન જ આવે. શિક્ષણ તો મુક્ત વાતાવરણની પ્રક્રિયા છે. આવી પવિત્ર પ્રક્રિયા માટે આજના પવિત્ર દિને શિક્ષક, સમાજ અને સરકાર જો કેટલીક પ્રતિજ્ઞા લે તો માત્ર રાધાકૃષ્ણનને જ નહીં, પણ અનેકાનેક શિક્ષણ ચિંતકોને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

આજના દિને શિક્ષક કેવી પ્રતિજ્ઞા કરે તો આજના સમયમાં સાર્થક ગણાય? જેમકે, હું શાળામાં સમયસર જઇશ, પૂરો સમય રોકાઇશ અને નિષ્ઠાપૂર્વક પૂરાખંતથી ફરજ બજાવીશ. ટ્યુશન માટે કોઇપણ વિદ્યાર્થી કે વાલીને મજબૂર નહીં કરું. પરીક્ષામાં કોઇપણ વિદ્યાર્થીને ચોરી કરાવીશ નહીં અને જવાબવહી ધ્યાનપૂર્વક તપાસીશ. પાઠ્યપુસ્તક સિવાયનું પણ ભણાવીશ. નબળા અને ગરીબ વિદ્યાર્થીને વધારાનો સમય આપીને પણ અભ્યાસ કરાવીશ. વર્ષમાં પાંચ શૈક્ષણિક પુસ્તકો વાંચીશ અને ત્રણ શૈક્ષણિક લેખ લખીશ. શિક્ષકની નોકરી સિવાય અન્ય કોઇ વ્યવસાય નહીં જ કરું. ડોનેશન આપીને નોકરી નહીં મેળવું અથવા તો તેવી રીતે મેળવી હશે તો ડોનેશન વસૂલ કરવાની ભાવનાથી કામ નહીં કરું. શાળા અને સમાજમાં આદર્શ વ્યક્તિ તરીકેનો નમૂનો પૂરો પાડીશ.

આજના આ પવિત્ર દિવસે સમાજે પણ પોતાની ફરજ અદા કરીને પ્રગતિશીલ સમાજ તરકેની છાપ ઊભી કરવી જ પડશે. પોતે પોતાની ફરજ પહેલાં બજાવે પછી જ અન્ય પાસે અપેક્ષા રાખશે તો અવશ્યપણે પૂરી થશે જ. માટે જ આજના દિને સમાજે પણ કેટલીક પ્રતિજ્ઞા લેવી જોઇએ. જેમકે,

શિક્ષકોને પૂરતું માન સન્માન મળે તેવા પ્રયત્નો કરીશું. શિક્ષકોને વિદ્યાર્થીની જેમ ગુરુ માનીશું. શિક્ષકના મોભાને છાજે તેવું વર્તન તેમની સાથે કરીશું. શિક્ષકોને પરીક્ષામાં ચોરી કરાવવા દબાણ નહીં કરીએ. સામાન્ય ફરિયાદ લઈને શિક્ષકો સાથે દુર્વ્યવહાર નહીં કરીએ. ભ્રષ્ટાચાર આચરતી શાળા સામે ખુલ્લો વિરોધ કરીશું. શૈક્ષણિક રીતે સારું કામ કરતા શિક્ષક અને શાળાનું સન્માન કરીશું અને પ્રોત્સાહન આપીશું. શાળામાં બિનશૈક્ષણિક કાર્યક્રમો નહીં યોજીએ. શાળાની પ્રવૃત્તિમાં સાથીદાર બનીને ભાગ લઈશું. શિક્ષકોની સૂચનાનો પૂરા દિલથી આદર કરીશું. શિક્ષકોના માન-મોભા અને તેમની સમસ્યાઓ દૂર કરવા માટે જરૂર પડે સરકારના કાન પણ આમળીશું.

લોકશાહી સરકારે પણ આજના દિને પ્રતિજ્ઞા લઈને વડીલબંધુ તરીકેની સાચી નિષ્ઠાપૂર્વકની છાપ ઊભી કરવી જ પડે. આ માટે સરકારે પણ કેટલીક પ્રતિજ્ઞા લેવી પડશે. જેમકે, દરેક શાળામાં પૂરતાં શિક્ષકો અને શૈક્ષણિક સગવડતાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરીશું. વિદ્યાસહાયક કે સરસ્વતિ સહાયક પ્રથા બંધ કરીને શિક્ષકોનું શોષણ નહીં કરીએ. શિક્ષકોના પ્રશ્નો, સમસ્યાઓ અને સાચી માંગણીઓ માટે તેમને હડતાલ પાડવી પડે તેવું વાતાવરણ નહીં સર્જવા દઈએ. સરકારી શૈક્ષણિક સંસ્થાને આદર્શ નમૂનારૂપ સંસ્થા બનાવીશું. સરકારી લાભ કરતાં સામાજિક લાભને જ પ્રાધાન્ય આપીશું. વહીંવટી કારણોસર શૈક્ષણિક કાર્ય નહીં બગાડીએ. શિક્ષકોને શિક્ષણ સિવાયનું કોઈપણ કામ નહીં સોંપીએ. શિક્ષણમાંથી ભ્રષ્ટાચારને નાબૂદ કરીશું. શૈક્ષણિક નિર્ણયોને રાજકારણથી દૂર રાખીશું. સરકારી સમારંભો શાળામાં નહીં યોજીએ. નમૂનારૂપ શૈક્ષણિકકાર્ય કરતી સંસ્થામાં અમે કોઈપણ પ્રકારની દખલગીરી નહીં કરીએ. પ્રવેશ કે અન્યકામ માટે શાળાઓ કે સંચાલકો પર દબાણ નહીં કરીએ. સારા શિક્ષકો અને સારી શાળાને સતત પ્રોત્સાહન પૂરું પાડીશું.

ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી માત્ર શિક્ષક, માત્ર સરકાર કે માત્ર સમાજની જ નથી. સૌ સાથે મળીને નિષ્ઠાપૂર્વક આ જવાબદારી નિભાવશે તો જ આપણે શિક્ષણના સાચા ધ્યેયો પ્રાપ્ત કરી શકીશું. જો આમ બનશે તો અને તો જ ભારતનું ભાવિ ઉજળું છે, નહીં તો ભવિષ્યની પેઢીને કેવો વારસો આપીશું? શિક્ષકો સમાજ કે સરકાર પાસે અપેક્ષા રાખે, સરકાર શિક્ષકો કે સમાજ પાસે અપેક્ષા રાખે, સમાજ શિક્ષકો અને સરકાર પાસે અપેક્ષા રાખે, પણ પોતાની ફરજ ભૂલી જશે તો તે અપેક્ષા કાયારેય પૂર્ણ થવાની નથી. આ માટે સૌએ એકબીજા પર વિશ્વાસ મૂકીને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવાની છે. તો, આજના આ પવિત્ર, સામાજિક, શૈક્ષણિક દિને આપણે સૌ ઉપરોક્ત પ્રતિજ્ઞા લઈ, તેનું પાલન કરી બતાવીએ તો ડૉ.રાધાકૃષ્ણનને સાચી શ્રદ્ધાંજલિ અર્પિ ગણાશે.